ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૦૫૨ તારીખ ૩૦-૧૦-૨૦૧૫ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




## ગયા અઠવાડિયા દરમિયાન મોટા ભાગની સેશનોમાં સુધારાનો ટ્રેન્ડ જોવાયા

## રૂ. ૧૧૦૮ ઉપરનો **એચડીએફસી બેન્ક** પણ પકડી લેવાય.

બજારમાં ધીરે ધીરે સેન્ટીમેન્ટ મજબૂત બનતું જાય છે, અને ખાસ કરીને અમેરિકન માર્કેટમાં સુંદર ઉછાળા પાછળ વિશ્વભરના શેરબજારોમાં સેન્ટીમેન્ટ સુધરી રહ્યું છે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સે ફરી એક વખત ૨૦૦૦નું લેવલ કુદાવી દીધું અને તે રીતે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સે આ વર્ષમાં જ જોવાયેલો ઘટાડો સંપૂર્ણપણે ભૂંસી નાંખ્યો છે. ડાઉજોન્સે પણ ૧૭૬૪૬નું લેવલ બતાવ્યું અને ગયા અઠવાડિયા દરમિયાન મોટા ભાગની સેશનોમાં સુધારાનો ટ્રેન્ડ જોવાયો હતો. છેલ્લાં ચાર વર્ષમાં સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ માટે આ સૌથી બેસ્ટ મહિનો હતો, અને સને ૨૦૧૧થી શરૂ થયેલી મજબૂત તેજીમાં હવે બજાર ધીરે ધીરે આગળ વધી રહ્યું છે.

નવા અઠવાડિયે અમેરિકન અર્થતંત્રના મહત્ત્વના આંકડાઓ જાહેર થવાના છે. આ ઉપરાંત બેન્ક ઓફ જાપાનની મીટિંગ પણ છે, અને તેમાં જાપાનના અર્થતંત્ર અંગે શું સંકેતો મળે છે તેવી જ રીતે કોઈ સ્ટિમ્યુલસ પેકેજ આવે છે કે કેમ તેની પણ આતુરતાપૂર્વક રાહ જોવાશે. અમેરિકન ફેડરલ રિઝર્વની મીટિંગ પણ ડ્યુ છે. ૨૭-૨૮ ઓક્ટોબરે મળનાર મીટિંગમાં કોઈ નવા સંકેતો મળે છે કે કેમ તેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. આવતાં બુધવારે ફેડરલ રિઝર્વ દ્વારા સ્ટેટમેન્ટ આપવામાં આવશે અને તે પછી ગોલ્ડ અને ઈક્વિટી માર્કેટમાં મહત્ત્વનો ટ્રેન્ડ પકડાય તે સંભાવના જોવાય છે. અમેરિકન ડોલર અને ફેડરલ પોલિસી આવતા અઠવાડિયે ગોલ્ડ માટે ખૂબ જ મહત્ત્વની બની રહેશે. ટ્રેડરો દ્વારા અમેરિકાની દેવાની લીમીટનું પણ બારીકાઈથી મોનિટરીંગ થઈ રહ્યું છે, અને અમેરિકન સરકાર તેના દેવાના લીમીટની નજીક આગળ વધી રહી છે, અને તેને કારણે દેવાની લીમીટ ૧૮.૧ ટ્રીલીયન ડોલર વધારવાની જરૂરિયાત ઉભી થઈ છે. અત્યારનો ટ્રેન્ડ જોતાં ત્રીજી નવેમ્બર સુધીમાં દેવાની લીમીટ ટચ થઈ જશે અને તે પછી અમેરિકન સરકાર પાસે નવું ભંડોળ નહિ હોય, સિવાય કે તેની દેવાની લીમીટ વધારવામાં આવે. આ ઉપરાંત આવતા શુક્રવારે બેન્ક ઓફ જાપાનની મીટિંગ પણ થવાની છે, અને તેમાં ફુગાવા અને જાપાનના જીડીપીના આંકડાઓ આવવાની ગણતરી છે.

છેલ્લાં કેટલાંક સમયથી બેન્ક ઓફ જાપાન વ્યાજદરમાં કોઈ જ ફેરફાર કરવાનું ટાળી રહી છે, અને આ વખતે પણ તે પ્રકારનો ટ્રેન્ડ જ રહે તેવી ગણતરી છે, પરંતુ ખૂલતા બજારમાં સોમવારે નવા ઘરોના વેચાણના આંકડા તેમજ ડ્યુરેબલ ગુડ્ઝ અને કન્ઝયુમર્સ કોન્ફિડન્સના આંકડાઓ મંગળવારે જાહેર થવાના છે. જ્યારે ગુરૂવારે અમેરિકાના જીડીપીના આંકડાઓ અને જૂના ઘરોના વેચાણના આંકડાઓ જાહેર થશે, અને આ તમામ આંકડાઓ અમેરિકન અર્થતંત્ર ખરેખર કેટલું મજબૂત છે તેનો સંકેત આપશે અને આ બાબત પણ ઈક્વિટી અને ગોલ્ડ માર્કેટ માટે ખૂબ જ મહત્ત્વની છે. અત્યારના તબક્કે કોઈ જ નકારાત્મક સંકેતો મળે તેવો ભય નથી દેખાતો, અને તે જોતાં આગામી અઠવાડિયા દરમિયાન તેજી ઝડપથી આગળ વધે તે સંભાવના ખૂબ મજબૂત છે.

ભારતમાં બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ આગળ વધી રહી છે, અને તેમાં કોઈ પણ રાજકીય નિષ્ણાત ભાજપને બહુમતી મળશે કે નહિ મળે તે સ્પષ્ટ રીતે કહી શકતો નથી. કેટલાક એનાલિસ્ટો ભાજપને બહુમતી મળશે તેવો સંકેત આપે છે. પરંતુ અન્ય કેટલાક નિષ્ણાતો નીતિશકુમાર પલ્લું ભારી રહેશે તે સંભાવના દર્શાવે છે, અને જો તેમ થાય તો સરકારના આર્થિક સુધારાને પગલાંને મોટો ફટકો પડી શકે. કારણ કે નીતિશકુમારનો વિજય એ વિરોધ પક્ષોને આર્થિક સુધારા અંગે રોડા નાંખવાનો વધારે જોરદાર અવસર આપી શકશે. વિધાનસભાના ચૂંટણીના પરિણામો નવેમ્બરના પહેલાં અઠવાડિયામાં આવવાના છે, પરંતુ તે દરમિયાન ભારતીય શેરબજારમાં મજબૂત ઉછાળો આગળ વધે તેવી ગણતરી છે.

ગયા અઠવાડિયે ચીન દ્વારા છઠ્ઠી વખત વ્યાજદરમાં ઘટાડો કરાયો. શુક્રવારે ચીનની સેન્ટ્રલ બેન્કે વ્યાજદર ૨૫ બેઝિક પોઈન્ટ ઘટાડીને ૪.૩૫ ટકાના લેવલ ઉપર લાવી દીધો છે, અને નવેમ્બર-૨૦૧૪ પછી આ છઠ્ઠો ઘટાડો છે, અને તે રીતે ચીનની સેન્ટ્રલ બેન્ક તેમના અર્થતંત્રને મુશ્કેલીમાંથી બહાર લાવવા પ્રયત્ન કરી રહી છે, પરંતુ આ પગલાંને કારણે વિદેશી ઈન્વેસ્ટરોને કરન્સીમાં મોટો માર પડી રહ્યો છે, અને તેથી વિદેશી ઈન્વેસ્ટરો ચીનમાંથી પૈસા ઉપાડે અને ભારત જેવા દેશોમાં શિફ્ટ કરે તેવી ગણતરી છે.




### હવે **જ્યુબીન્ટ ઓર્ગેનોસિક્સ** એક્શનમા

ભારત સરકારનું વિદેશી હુંડિયામણ રિઝર્વ ૧૬મી ઓક્ટોબરે પૂરા થયેલા અઠવાડિયા દરમિયાન ૪૫૮ મિલિયન ડોલર વધીને ૩૫૩ મિલિયન ડોલર થઈ ગયું છે, અને તે પણ રૂપિયાની મજબૂતાઈમાં મહત્ત્વનું પરિબળ છે.

ગયા અઠવાડિયા દરમિયાન જાહેર થયેલા કંપનીઓના પરિણામો પણ અપેક્ષા કરતાં ખૂબ જ પ્રોત્સાહક આવ્યા છે અને તેને કારણે પણ સેન્ટીમેન્ટમાં ખૂબ જ મજબૂતાઈ જોવાઈ છે.

શુક્રવારે નિફ્ટી ૮૨૯૫ બંધ આવી છે, અને નિફ્ટીમાં દૈનિક મૂવિંગ એવરેજમાં પોઝિટીવ ક્રોસ ઓવર થઈ ગયું છે, પરંતુ સાપ્તાહિક મૂવિંગ એવરેજમાં હજી પોઝિટિવ બ્રેકઆઉટ નથી થયું, અને આરએસઆઈ ૬૩.૬૭ ઉપર આવી ગઈ છે, જ્યારે સિગ્નલ લાઈનને ક્રોસ ઓવર આપીને એમએસીડી લાઈન પણ બુલીશ ટ્રેન્ડનો સંકેત આપે છે. તેમ છતાં નિફ્ટીમાં હજી ૨૦૦ દિવસની સાદી મૂવિંગ એવરેજને ક્રોસ ઓવર આપવાનું બાકી છે. ૨૦૦ દિવસની ઈએમએને ક્રોસ ઓવર આપી દેવાયું, પરંતુ જ્યાં સાદી મૂવિંગ એવરેજનો પ્રશ્ન છે, તો તે ૮૩૭૯ ઉપર છે, અને હજી નિફ્ટીએ તેને ક્રોસ ઓવર આપવાનું બાકી છે. આમ, આવતા અઠવાડિયા દરમિયાન આ મહત્ત્વના રેઝિસ્ટન્સને પસાર કરે છે કે કેમ તે જોવાનું રસપ્રદ રહેશે. પરંતુ સેન્સેક્સ અને નિફ્ટીના મહત્ત્વના શેરો હવે ખૂબ જ પોઝિટિવ સંકેત આપે છે, અને તે જોતાં નિફ્ટી અને ટોચના શેરો નવા અઠવાડિયા દરમિયાન ખૂબ ઝડપથી ઉંચકાય તેવી ગણતરી છે.

**આઈટીસી** ભેગાં કરવાનું છેલ્લાં ૨ અઠવાડિયાથી દર્શાવીએ છીએ, અને એફએમસીજીનો આ મહત્ત્વનો શેર રૂ. ૩૫૮ ઉપર આવી ગયો છે અને નવા અઠવાડિયા દરમિયાન તેમાં રૂ. ૩૬૫નું લેવલ પસાર થઈને શેર રૂ. ૩૭૦ તરફ આગળ વધે તેવી ગણતરી છે.

તેવી જ રીતે **ટાટા મોટર્સ**નો ટ્રેન્ડ મજબૂત અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. જંગી વોલ્યુમ સાથે શેર રૂ. ૩૮૩ ઉપર આવી ગયો છે, અને ચીનના આંકડા ભય હતો તેટલા ખરાબ નથી આવ્યા, પરંતુ સામે પક્ષે ભારત ખાતેના બસ અને ટ્રકના વેચાણો ઝડપથી સુધરી રહ્યા છે, અને તે પાછળ રૂ. ૩૮૩વાળી ટાટા મોટર્સ નવા અઠવાડિયા દરમિયાન રૂ. ૩૯૫-૪૦૦નું લેવલ પસાર કરી નાંખે તો સહેજે નવાઈ નહિ લાગે.

**એચડીએફસી** પણ મેજર અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. કોઈ પોઝિટિવ સમાચારો અપેક્ષિત છે, અને સાથે સાથે સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડાઓ તો જોરદાર આવશે જ. રૂ. ૧૩૩૮ના ભાવે આ શેરમાં રોકાણ જાળવી રખાય અને નવા અઠવાડિયા દરમિયાન તે શેરમાં ઝડપથી રૂ. ૧૩૫૦નો ભાવ આવી જાય તે સંભાવના મજબૂત છે.

**સ્ટેટ બેન્ક**ના આંકડા પણ પ્રોત્સાહક આવતા જાય છે અને ધીમા સુધારા સાથે આ શેર રૂ. ૨૫૩ ઉપર આવી ગયો છે અને નવા અઠવાડિયા દરમિયાન તેમાં રૂ. ૨૫૮-૨૫૯ના ભાવની ગણતરી છે.

તેવી જ રીતે **આઈસીઆઈસીઆઈ બેન્ક**ના શેરમાં પણ ધીમો સુધારો આગળ વધી રહ્યો છે. ગયા અઠવાડિયે પણ આ શેર લઈ લેવાનું કહ્યું હતું અને અત્યારે વધીને રૂ. ૨૮૬ ઉપર તો આવી ગયો અને આવા જ ધીમા સુધારા સાથે નવા અઠવાડિયામાં રૂ. ૫-૭ના ઝડપી ઉછાળાની ગણતરી છે. ફંડામેન્ટલ દૃષ્ટિએ આઈસીઆઈસીઆઈ અતિશય મજબૂત છે અને તેમાં ઉપરમાં રૂ. ૪૦૦ સુધીનો ભાવ ધીરે ધીરે આવવાની ગણતરી.

રૂ. ૧૧૦૮ ઉપરનો **એચડીએફસી બેન્ક** પણ પકડી લેવાય. દેશની આ ટોચની બેન્કના આંકડા પણ જોરદાર આવવાના. પરંતુ સાથે સાથે અન્ય કોઈ પોઝિટિવ સમાચારો પણ ડ્યુ છે. શેર વધીને રૂ. ૧૧૨૮ ટચ થઈ જવાની સંભાવના મજબૂત છે.

પાવર શેરો ભેગા કરવાનું સતત દર્શાવીએ છીએ, અને તેમાં **એનટીપીસી** અત્યારે વધીને રૂ. ૧૩૨.૬૫ ઉપર તો આવી ગયો છે, અને નવા અઠવાડિયા દરમિયાન આ શેરમાં બીજા રૂ. ૫ના ઝડપી સુધારાની જગ્યા છે. ફંડામેન્ટલ દૃષ્ટિએ જોઈએ તો એનટીપીસીનો રૂ. ૨૦૦નો ભાવ યોગ્ય કહી શકાય અને તેથી સહેજ જાળવવાની તૈયારી સાથે લેવા હોય તોપણ શેર પકડી શકાય.

**ગેઈલ** અત્યારે રૂ. ૩૨૬ ઉપર આવી ગયો છે અને તે શેરમાં ખૂબ સુંદર ઉછાળાની જગ્યા છે. નવા અઠવાડિયામાં રૂ. ૧૦નું પત્તું મળી જવાની ગણતરી છે. આ ઉપરાંત રૂ. ૨૦૭૯ના ભાવે **લ્યુપિન**ના શેરમાં રોકાણ વધારી શકાય. પરિણામ ખૂબ સુંદર આવવાની ગણતરી અને નવા અઠવાડિયા દરમિયાન લ્યુપિનનો શેર રૂ. ૨૧૦૦નું લેવલ કૂદાવી દેવાની સંભાવના મજબૂત છે. પરિણામો પણ જોરદાર આવશે. લ્યુપિન લાંબી તેજીમાં દાખલ થઈ ગયો છે એટલે ૧-૨ મહિનાની દૃષ્ટિથી લેશો તોપણ વધારે સારું રિટર્ન મળી શકશે.

**ટાટા સ્ટીલ** ઝડપથી વધ્યા પછી સપ્તાહની આખરમાં કોન્સોલિડેશનમાં આવી ગયો હતો. રૂ. ૨૪૬ બંધ આવ્યો છે અને આ શેરમાં હજી તોફાની ઉછાળાની થોડી રાહ જોવી પડશે. દૈનિક મૂવિંગ એવરેજોએ પોઝિટિવ બ્રેકઆઉટ આપી દીધું છે, પરંતુ સાપ્તાહિક મૂવિંગ એવરેજોમાં હજી ક્રોસઓવર નથી થયું, તેમ છતાં નવા અઠવાડિયામાં આ શેરમાં રૂ. ૧૦ વધીને રૂ. ૨૫૫નું લેવલ આવી જાય તે સંભાવના ખૂબ મજબૂત છે.

તેવી જ રીતે **ઓએનજીસી**નો રૂ. ૨૫૭વાળો શેર પણ ધ્યાનમાં રખાય. આ શેરમાં પરિણામનો મજબૂત સપોર્ટ ડ્યુ છે, આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ક્રૂડ થોડું વધ્યું હોવાથી શેર રૂ. ૨૫૭થી વધીને રૂ. ૨૬૪-૨૬૭ ઉપર આવી જવાની નવા અઠવાડિયામાં ગણતરી એટલે થોડું રોકાણ કરી દેવાય.

**બીપીસીએલ** ગયા અઠવાડિયા દરમિયાન કોન્સોલિડેશનના તબક્કામાં હતો. રૂ. ૯૧૦ બંધ આવ્યો છે, અને હવે આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૯૨૬નો ભાવ આવે તેવી ગણતરી છે. ૨-૩ મહિનાની ગણતરીએ થોડાંક શેરો લઈને મૂકી દેવાય.

**સિમેન્સ**નો રૂ. ૧૩૭૧વાળો શેર પણ પકડી શકાય અને નવા અઠવાડિયા દરમિયાન આ શેરમાં રૂ. ૨૫-૩૦ વધી જવાની ગણતરી છે. ઉપરમાં રૂ. ૧૩૯૦ના ભાવની ગણતરી છે.

**એસીસી** રૂ. ૧૪૦૦ ઉપર આવી ગયો છે અને આ શેરમાં પણ નવા અઠવાડિયામાં સુંદર ઉછાળાની ગણતરી. પરિણામો અપેક્ષા મુજબ નબળા આવી ગયા અને તેથી આ શેરમાં વધારે ઘટાડાની જગ્યા નથી દેખાતી. નવા અઠવાડિયામાં રૂ. ૧૫-૨૦ વધી જાય તે સંભાવના મજબૂત છે.

**કોટક બેન્ક** કરેક્શન પૂરું કરીને હવે અપટ્રેન્ડમાં આવી ગયો છે. રૂ. ૬૬૫ના ભાવે કોટક બેન્કના શેર જાળવી શકાય, અને ઉપરમાં રૂ. ૭-૧૦ સુધરી જવાની સંભાવના મજબૂત છે.

ટુ-વ્હીલર કંપનીઓમાં **હીરો મોટોકોર્પ** સુંદર પરિણામના સપોર્ટને કારણે ધીરે ધીરે સુધરતો જાય છે. રૂ. ૨૫૯૬ ઉપર આવી ગયો અને નવા અઠવાડિયા દરમિયાન રૂ. ૫૦-૭૦નો તોફાની ઉછાળો આપી જવાની ગણતરી છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૨૬૭૦નો ભાવ જોવાય તો પણ નવાઈ નહિ લાગે.

લાલભાઈ ગ્રૂપની **અતુલ**નો શેર ધીમા સુધારા સાથે આગળ વધી રહ્યો છે. રૂ. ૧૫૮૮ બંધ આવેલા આ શેરમાં રૂ. ૧૬૬૩ના ભાવની શોર્ટટર્મમાં જ ગણતરી છે. નફો બમ્પર આવે અને સાથે સાથે અન્ય કોઈ પોઝિટિવ સમાચાર પણ શરૂ થાય તેવી ગણતરી.

હાઉસિંગ ફિનાન્સનો બિઝનેસ કરતી **કેનફીન હોમ્સ**નો શેર ચાણક્યમાં ફંડામેન્ટલ રીતે લેવડાવેલો અને ગયા અઠવાડિયે આ શેરનું ચાર્ટ એનાલિસિસ આ છાપામાં આપ્યું હતું. રૂ. ૯૯૪ બંધ આવ્યો છે અને નવા અઠવાડિયામાં તેમાં રૂ. ૧૦૨૦નો ભાવ આવી જવાની ગણતરી છે. કેનફીનના પરિણામો પણ જોરદાર આવ્યા છે.

દારૂ અને ઈથેનોલનું ઉત્પાદન કરતી **જીએમ બ્રુઅરી** મહત્ત્વનું ટેકઓવર ટાર્ગેટ છે. આ શેર પકડી લેવાનું પણ કહ્યું હતું. રૂ. ૫૨૫ના ભાવે રોકાણ જાળવી રખાય અને બીજા રૂ. ૧૦-૧૫ના ઝડપી ઉછાળાની જગ્યા. કોઈ ટેકઓવરના સમાચાર આવી જાય તો નવાઈ નહિ લાગે.

દેશની સૌથી મોટી કંપની **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ**નો શેર તેજીમાં દાખલ થયો છે. છેલ્લાં ચાર વર્ષથી કોઈ રીટર્ન ના આપ્યું હોવાથી રીટેલ ઈન્વેસ્ટરો એકદમ નિરાશ થઈ ગયા હતા, પરંતુ સપ્ટેમ્બરના સુંદર પરિણામો આવ્યા પછી મુંબઈના ખેલાડીઓ આ શેરમાં સક્રિય થઈ ગયા છે અને રૂ. ૯૫૬ બંધ આવેલા આ શેરને ઝડપથી રૂ. ૯૮૯ સુધી ઉપર લઈ જાય તે સંભાવના છે અને તે પછી આ શેરમાં રૂ. ૧૦૨૦નો ભાવ બેસે છે, જ્યારે અનિલ અંબાણી ગ્રૂપની **રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર** મેજર તેજીમાં આગળ વધી રહી છે. રોડ પ્રોજેક્ટોમાંથી કંપની બચી શકે અને સાથે સાથે લશ્કરી દળોના જંગી ઓર્ડરો મળે તે સંભાવના છે, અને તે દૃષ્ટિકોણથી રિલાયન્સ ઈન્ફ્રાનો શેર અત્યારના ભાવે લઈને મૂકી દેવાય.

આઈટી સેક્ટરની બીજી હરોળની કંપની **ઇ-ક્લાર્ક્સ**માં સટોડિયાઓ સક્રિય થઈ ગયા છે. રૂ. ૧૮૭૨ બંધ આવ્યો છે અને નવા અઠવાડિયા દરમિયાન ક્યાં તો એક સેન્ચુરી અને વધારે મૂડમાં હોય તો બે સેન્ચુરી ફટકી દે અને રૂ. ૨૦૫૪-૨૦૭૦ બંધ આપી દે તો નવાઈ નહિ લાગે.

**જિંદાલ પોલીફિલ્મસ**નો શેર લઈ લેવાનું ચાણક્યમાં કહ્યું હતું. પેકેજિંગ મટીરીયલ બનાવતી આ કંપનીનો કાચો માલ ક્રૂડમાંથી આવે છે અને ક્રૂડ એકદમ તળિયા ઉપર હોવાથી કાચા માલના ભાવ ઘટી રહ્યા છે અને વેચાણ કિંમતો ઘટાડવાનું તો ક્યાં કોઈ શીખ્યું છે, અને તેથી નફો એકદમ જોરદાર આવશે અને સાથે સાથે રૂ. ૫૩૮વાળો શેર ઝડપથી રૂ. ૫૬૨-૫૬૮ ટચ થઈ જવાની ગણતરી છે.

ભરતિયા ગ્રૂપની **જ્યુબીલન્ટ**ના એક પછી એક શેરો દોડવા લાગ્યા છે. લગભગ બે વર્ષ સુધી જ્યુબીલન્ટ ફૂડ વર્કસે સોલિડ રીટર્ન આપ્યું. તે પછી **જ્યુબીલન્ટ ઇન્ડસ્ટ્રીઝ** એક્શનમાં આવી અને હવે **જ્યુબીન્ટ ઓર્ગેનોસિક્સ** એક્શનમાં આવી ગઈ છે. રૂ. ૪૧૮વાળો આ શેર ઝડપથી રૂ. ૧૦ ઉંચકાય જવાની ગણતરી છે.

**રાજેશ એક્સપોર્ટ**નો શેર પકડી લેવાનું કહ્યું હતું. અમેરિકા અને યુરોપમાં સોનાના દાગીનાના વેચાણો ઝડપથી સુધરી રહ્યા છે અને સાથે સાથે કંપનીએ ગોલ્ડ રિફાઈનરી ખરીદી હોવાથી તેને કારણે તેની પડતર પણ થોડી નીચી આવે છે. રૂ. ૬૪૬ના ભાવે જૂનું રોકાણ જાળવી રખાય અને આ શેરમાં ઉપરમાં રૂ. ૬૬૩નો ભાવ આવી જાય તે સંભાવના છે.

ગયા અઠવાડિયે **અરવિંદો ફાર્મા**નો શેર લઈ લેવાનું કહ્યું હતું અને તે વખતે રૂ. ૮૦૦ની અંદર ચાલતો હતો અને એક જ અઠવાડિયામાં આ શેરે લગભગ ૪-૫ ટકાના ઉછાળા સાથે રૂ. ૮૨૭નું બંધ આપ્યું છે. રોકાણ જાળવી રખાય અને ઝડપથી રૂ. ૮૪૧નો ભાવ આવી જવાની ગણતરી છે.

**બજાજ ઓટો** ધીમા સુધારામાં આગળ વધી રહ્યો છે. રૂ. ૨૫૧૫ના ભાવે રોકાણ જાળવી રખાય અને તેમાં રૂ. ૫૦ના ઝડપી સુધારાની ગણતરી.

**લાર્સન એન્ડ ટુબ્રો**માં અન્ડરટોન નબળો છે. કંપનીના પરિણામો નબળા આવે તેવી ગણતરી. ગયા અઠવાડિયે પણ લાર્સનમાં નબળાઈનો સંકેત આપેલો અને તે પછી રૂ. ૧૫૧૦ આવી ગયો છે. શરૂઆતમાં બીજા રૂ. ૩૦-૫૦ કપાઈ જવાની ગણતરી.

અનિલ અંબાણીના શેરોમાં ધીમો સુધારો આગળ વધતો જાય છે. ગયા અંકમાં પણ **રિલાયન્સ કેપિટલ** રૂ. ૪૦૭ના ભાવે લઈ લેવાનું કહ્યું હતું અને તે પછી વધીને રૂ. ૪૧૪ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં પણ આ શેરમાં ખેલાડીઓની સતત લેવાલી પાછળ રૂ. ૪૨૪ના ભાવની ગણતરી છે.

તેવી જ રીતે ડિફેન્સના બિઝનેસમાં આગળ વધી રહેલી **રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**માં રૂ. ૩૮૩નો ભાવ ચાલી રહ્યો છે, ઘટવાની જગ્યા મર્યાદિત છે. શોર્ટટર્મમાં જ આ શેરમાં રૂ. ૪૦૩ના ભાવની ગણતરી.

શોર્ટટર્મ એંગલથી **આઈટીસી**નો શેર લઈ લેવાનું કહ્યું હતું. થોડાં દિવસો પહેલાં આઈટીસીનું એનાલિસિસ આપીને આ શેરમાં મજબૂત વૃદ્ધિનો સંકેત આપેલો. રૂ. ૩૫૬ ટચ થયો છે, અને નજીકના દિવસોમાં આ શેરમાં ધીરે ધીરે રૂ. ૩૭૬નો ભાવ આવી જવાની ગણતરી છે.

**બજાજ ઓટો**ના શેરમાં અત્યારે આકર્ષણ જોવાય છે. દુકાળની અસરને કારણે એમ તો ટુ-વ્હીલરના વેચાણો નબળા રહેવાનો ભય છે. પરંતુ બજાજની ચાર-વ્હીલરને મંજૂરી મળ્યા પછી આ પ્રોડક્ટ નફા શક્તિમાં સુંદર ઉછાળો આપી જશે તે આશાએ બજાજ ઓટો કવર થઈ રહ્યો છે. રૂ. ૨૫૭૫થી ઉંચકીને રૂ. ૨૬૭૫નો ભાવ લાવી દેવાની ગણતરી.

**ટાટા સ્ટીલ**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. હજી થોડાં દિવસો પહેલાં જ રૂ. ૨૦૮ ઉપર હતો અને અત્યારે રૂ. ૨૪૮-૨૫૦ ઉપર આવી ગયો છે. બજારને અનેક વખત ઓવર રિએક્શન આપવાની ટેવ છે, અને તે મુજબ ચીનની કરન્સીના અવમૂલ્યન પછી ટાટા સ્ટીલમાં ઓવર રિએક્શન આપી દીધેલું પરંતુ હવે શેર યોગ્ય મથાળા ઉપર આવતો જાય છે. ધીમા સુધારા સાથે રૂ. ૨૭૦ ઉપરનો ભાવ આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે **ટાટા પાવર** રૂ. ૬૨થી વધીને રૂ. ૭૧ ઉપર આવ્યા પછી તેમાં થોડી સેશન કોન્સોલિડેશનનો ટ્રેન્ડ રહેશે, અને આ તબક્કો પૂરો થાય પછી ભાવ ઝડપથી રૂ. ૮૧ ઉપર આવી જવાની ગણતરી છે.

**કેઈન ઇન્ડિયા**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. **વેદાંતા** અને **કેઈન ઇન્ડિયા**ના મર્જર માટે નવી શરતો નક્કી થઈ રહી છે, જેનો ફાયદો કેઈન ઇન્ડિયાના શેરહોલ્ડરોને દેખાશે. રૂ. ૧૫૮ ઉપરના આ શેરમાં નાના સુધારા સાથે રૂ. ૧૬૫ના ભાવની શોર્ટટર્મમાં જ ગણતરી છે, અને તેથી થોડાંક શેર લઈને મૂકી દેવાય.

ભારત સરકારની પાવર કંપની **એનટીપીસી**નો શેર રૂ. ૧૩૩ ઉપર આવી ગયો. ફંડામેન્ટલ જોરદાર છે, અને નજીકના દિવસોમાં જ આ શેરમાં રૂ. ૧૪૮નો ભાવ આવી જવાની ગણતરી. તેવી જ રીતે **હીરો મોટોકોર્પ** પણ ધીમા સુધારામાં આગળ વધી રહ્યો છે. રૂ. ૨૬૨૦ ઉપરના આ શેરમાં જોખમ નહિવત્, અને મધ્યમગાળે રૂ. ૨૭૦૦ના ભાવની ગણતરી.

**ઓએનજીસી**ના શેરમાં પણ મજબૂત અપટ્રેન્ડ આગળ વધી રહ્યો છે. શેર રૂ. ૨૫૬ ઉપર આવી ગયો અને ધીરે ધીરે રૂ. ૨૮૦નો ભાવ પસાર કરી નાંખવાની ગણતરી અને તે ઉછાળા પછી રૂ. ૩૦૩ના ભાવની સંભાવના મજબૂત છે.

કુમાર મંગલમ્ બિરલાની **ગ્રાસીમ**ના શેરમાં પણ શોર્ટટર્મ ખેલાડીઓનું ફોકસ વધ્યું છે. શેર અત્યારે રૂ. ૩૬૯૦ ઉપર છે, અને નજીકના દિવસોમાં જ રૂ. ૩૮૦૦ના ભાવની ગણતરી છે. તેવી જ રીતે **ડો. રેડ્ડીઝ**ના શેરમાં પણ શોર્ટટર્મ ખેલાડીઓની ફેન્સી અને ધીમા સુધારા સાથે આ શેરમાં રૂ. ૪૪૦૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

અત્યારના તબક્કે **પંજાબ નેશનલ બેન્ક**ના શેરમાં મંદીનો તબક્કો ચાલી રહ્યો છે. ઘટીને રૂ. ૧૩૪ ઉપર આવ્યો અને આગામી દિવસોમાં વધારે ઘટીને રૂ. ૧૨૪-૧૨૦ના ભાવની ગણતરી છે, અને તેવી જ રીતે **બેન્ક ઓફ બરોડા**ના શેરમાં અત્યારે મંદી અને ઘટાડાનો તબક્કો આગળ વધતો જાય છે. બેન્ક ઓફ બરોડા હૂંડિયામણ કૌભાંડમાં ચમક્યા પછી આ શેરમાં વેચવાલીનું દબાણ વધતું જાય છે અને રૂ. ૧૭૨થી ઘટીને રૂ. ૧૬૦ના ભાવની નજીકના દિવસોમાં જ ગણતરી છે. અને તેવો જ ઘટાડાનો ટ્રેન્ડ **લાર્સન એન્ડ ટુબ્રો**ના શેરમાં દેખાય છે. એક ફંડ મેનેજર દ્વારા લાર્સનની ઓર્ડર બુક નબળી હોવાનો સંકેત આપેલો. ચાણક્યમાં પણ છેલ્લાં ૨ અઠવાડિયાથી લાર્સનમાં નબળા ટ્રેન્ડની વાત કરી રહ્યા છે. રૂ. ૧૫૧૫વાળા આ શેરમાં નજીકના દિવસોમાં ૩૦મી તારીખના પરિણામ પહેલાં રૂ. ૧૪૫૦નો ભાવ આવી જાય તે સંભાવના મજબૂત છે, અને તે વખતે થોડાંક શેરો ફરી વખત લઈને મૂકી દેવાય.

મીડકેપ શેરોમાં **સીઈએસઈ**ના રૂ. ૬૦૪વાળા શેરમાં થોડું રોકાણ કરાય. આર.પી.ગોએન્કા ગ્રૂપની આ કંપની સુંદર કમાણી ધરાવે છે, અને તે પાછળ રૂ. ૬૦૪થી વધીને રૂ. ૬૨૪નો ભાવ જોવાય.

**આઈડીબીઆઈ** ધીરે ધીરે રૂ. ૮૫ ઉપર આવી ગયો છે અને આ શેરમાં ટૂંકી વધઘટનો તબક્કો હવે પૂરો થયો. ઝડપી ઉછાળે હવે રૂ. ૯૨-૯૫ના ભાવની સંભાવના મજબૂત છે, અને તેવી જ રીતે **રિલાયન્સ કોમ્યુનિકેશન**નો શેર પણ રૂ. ૭૮ના ભાવ લઈને મૂકી દેવાય અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૮૨-૮૪ના ભાવની ગણતરી છે.

તેવી જ રીતે રૂ. ૯૨ના ભાવે **અદાણી એન્ટરપ્રાઈસ**ના ભાવે નાનું રોકાણ કરી દેવાય. કોન્સોલિડેશનનો તબક્કો પૂરો થયો છે અને આગામી દિવસોમાં અદાણી એન્ટરપ્રાઈસ ખાતરના બિઝનેસમાં આગળ વધવા કોઈ ટેકઓવર જાહેર કરે તો નવાઈ નહિ લાગે. આ ઉપરાંત કંપની પાવર ટ્રાન્સમીશનના બિઝનેસમાં પણ આગળ વધી રહી છે, જ્યારે આયાત અને નિકાસોમાં તો જોરદાર કમાણી છે જ. અત્યારે રૂ. ૯૨ના ભાવે થોડાંક શેર લઈને મૂકી દેવાય અને મધ્યમગાળે રૂ. ૧૦૦ના ભાવની ગણતરી.

**ઇન્ડસઇન્ડ બેન્ક** પરિણામ પછી રૂ. ૯૫૮ ઉપર મળી રહ્યો છે, અને તેમાં થોડું રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૧૦૦૦ ઉપરના ભાવની સંભાવના મજબૂત છે.

**એક્સાઈડ ઇન્ડસ્ટ્રીઝ** અત્યારે રૂ. ૧૬૨ ઉપર છે, અને તેમાં નાનું રોકાણ કરી દેવાય. એમ તો કમાણીની સરખામણીમાં ભાવ ઘણો ઉંચો છે, તેમ છતાં સટોડિયા સક્રિય હોવાથી આ શેરને રૂ. ૧૮૨ સુધી ઉંચકી દેવાની ગણતરી.

**SHRI JAGDAMBA POLYMERS LIMITED**
Registered Office : 802 NARNARAYAN COMPLEX, NR. NAVRANGPURA POST OFFICE, NAVRANGPURA 380 009, AHMEDABAD, GUJARAT
Tel No. 079-26565792, Fax No. 079-26430201, www.shrijagdamba.com
CIN : L17239GJ1985PLC007829

**NOTICE**

Notice is hereby given that the meeting of the Board of Directors of the Company will be held on Monday, 09th November, 2015 at 4.00 p.m. at the registered address of the company for the consideration of (a) Unaudited quarterly results for the quarter ended on 30th September, 2015. (b) To fix dates of Book Closure. (c) Any other Matter which the Board deems fit, with the permission of the Chairman.

Please also note that the trading window shall remain close from date of the letter till two Working days after the date of declaration of results.

For, Shri Jagdamba Polymers Limited
Sd/-
Managing Director
R.K. Bhojnagarwalla

Date : 29th October, 2015
Place : Ahmedabad

**DYNAMIC INDUSTRIES LIMITED**
Regd. Office : Plot No. 5501/2, Phase - III, Nr. Trikampura Cross Roads, G.I.D.C., Vatva, Ahmedabad – 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

લિસ્ટિંગ કરારની કલમ ૪૧ મુજબ, આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૭મી નવેમ્બર, ૨૦૧૫, શનિવાર ના રોજ સાંજે ૫:૩૦ કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે. જેનો હેતુ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક / અર્ધવાર્ષિક સમયગાળાના અનઓડિટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો, મંજૂર કરવાનો અને મિલકત અને જવાબદારીઓના સ્ટેટમેન્ટ મંજૂર કરવાનો છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમથી
સહી/-
ચિંતન નરેશકુમાર અમલાણી
કંપની સેક્રેટરી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૫

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો

**આયુષ્યમાન ભવ:**

લે. પરેશ ગોરધનદાસ



દિવાળી ઓફર

રૂા.૫૦

ગિફ્ટ આપવા માટે ઉત્તમ પુસ્તક

કુરિયરથી મંગાવવા માટે રૂા. ૫૦નો ડ્રાફ્ટ જૈની પબ્લિશર્સના નામે, ૧૦૫ કમલ કોમ્પ્લેક્સ, સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે, અમદાવાદ-૯ ઉપર મોકલી આપો

